આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૪૫ | ૧૬ નવેમ્બર, ૨૦૧૩, શનિવાર; કારતક સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

એકાંતનું મંદિર હોય,
મૌનનો ઘુમ્મટ હોય ત્યાં
સદાયે આનંદની ધજા
ફરકતી રહે છે
- એસ. ભટ્ટાચાર્ય

આખરે ગાંધીનગરમાં રામલીલા રીલીઝ

થિયેટર્સની બહાર પોલીસ બંદોબસ્ત : તમામ શૉ હાઉસફુલ : ગુરુવારે રાતે સિને મેકસમાં બુકીંગ શરુ કરાતા કેટલાક તત્વોએ પથ્થરમારો કરીને બોકસ ઓફીસમાં તોડફોડ કરી હતી

ગાંધીનગર, તા.૧૫

વિવાદના વંટોળમાં ઘેરાઈ ગયેલી ફિલ્મ રામલીલાનું બુકીંગ ગુરુવારે રાત્રે ગાંધીનગર શહેરના સે-૧૧માં આવેલા સિને મેકસ થિયેટરમાં શરુ કરી દેવાતા રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં ચારેક તત્વો મોં પર રૂમાલ બાંધીન આવી પહોંચ્યા હતા અને બુકીંગ જયાં ચાલી રહ્યું હતું ત્યાં બોકસ ઓફીસ પર પથ્થરમારો કરીને તોડફોડ કરી મુકી હતી. આ ઘટનામાં બોકસ ઓફીસના તમામ કાચ ફુટી ગયા હતા અને સીસીટીવી કેમેરા પણ તોડી નાંખ્યા હતાં. થિયેટરનાં કર્મચારીની ફરીયાદને આધારે સે-૭ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

ફિલ્મ રીલીઝ થયાની પૂર્વ રાત્રિએ થયેલી આ ધમાલ બાદ રાતથી જ ગાંધીનગરના તમામ થિયેટર્સ બહાર પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો હતો.

આજે ગાંધીનગરના તમામ થિયેટર્સની બહાર પોલીસ બંદોબસ્ત વચ્ચે આખરે રામલીલી ફિલ્મ રીલીઝ થઈ હતી. જેને અભૂતપૂર્વ પ્રતિસાદ એડવાન્સ બુકીંગ દ્વારા મળતા થિયેટર સંચાલકોએ તમામ સ્ક્રીનના તમામ શૉમાં રામલીલા ફિલ્મ શરુ કરી દીધી છે. આ તમામ શો આજે હાઉસફુલ રહ્યા હતા અને બે દિવસના શૉ બુકીંગ એડવાન્સ પણ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. ગાંધીનગર પોલીસે થિયેટરની બહાર બંદોબસ્ત મુકયો હતો અને સ્ક્રીનમાં પણ પોલીસ ગોઠવી દીધી હતી જેથી કોઈ તત્વો ટીકીટ ખરીદીને અંદર ઘુસ્યા બાદ કોઈ તોડફોડ કે નુકશાન કરી મુકવામાં સફળ ન જાય. સે-૭ પોલીસે ગુરુવારે રાત્રે સિને મેકસમાં થયેલી તોડફોડના આરોપી શખ્સોને પકડવા માટે બોકસ ઓફીસ પર લગાડેલા સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવીને તપાસ શરુ કરી છે.

(તસવીર : દિપક જાની)

શાળા-આરોગ્ય ચકાસણી માટે જિલ્લાના ગામડા ખુંદતી કેન્દ્રીય ટીમ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણીની કામગીરીના મૂલ્યાંકન માટે કેન્દ્ર સરકારની એક ટીમે દહેગામ તાલુકાના બે ગામોની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી.

શાળા આરોગ્ય ચકાસણી સાથે આ વખતે રાજ્ય સરકારે બાળ-આરોગ્ય ચકાસણીને પણ જોડવાના કરેલા મહત્વના નિર્ણય બાદ કેન્દ્રએ શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ માટે એક ટીમ મોકલી છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત સરકારનો શાળા-આરોગ્ય ચકાસણી કાર્યક્રમ વડાપ્રધાનના એવોર્ડ માટે નોમીનેટ કરવામાં આવ્યો છે. આ ટીમે દહેગામ તાલુકાના હરખજીના મુવાડા તેમજ દેવકરણના મુવાડા ગામની મુલાકાત લઈ કાર્યક્રમની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આ સમીક્ષાને પગલે ટીમ અત્યંત પ્રભાવિત થઈ હતી અને આ અભિગમને બિરદાવ્યો હતો.

દહેગામ તાલુકાના બે મુવાડાઓની મુલાકાત લીધી

ત્રણ સભ્યોની બનેલી આ ટીમે ૨૦૧૨-૧૩ માં શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન સંદર્ભ સેવા વાળા બાળકોની ખાસ મુલાકાત કરી હતી. તેમણે બાળકોને આપવામાં આવતા હેલ્થકાર્ડ તેમને મળેલી સેવાઓ તેમજ ફોલો-અપની વિગતો સાથેની જાણકારી મેળવી હતી.

ટીમે આ ગામોમાં ચાલતી આંગણવાડીની મુલાકાત લીધી હતી એટલું જ નહિ આંગણવાડીની સુવિધાઓને પણ જાણકારી મેળવી હતી. કૂપોષણ સામેના અભિયાનથી પણ ટીમ પ્રભાવિત થઈ હતી.

ટીમે ગામના સરપંચ, અગ્રણીઓ, મહિલાઓ તેમજ બાળકો સાથે ખુલ્લામને ચર્ચા કરી હતી. ટીમની સાથે જિલ્લાના આરોગ્યતંત્રના અધિકારીઓ જોડાયા હતા.

જિલ્લામાં બાળ-આરોગ્ય સુરક્ષા અને શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ આગામી ૨૨મીથી શરૂ થઈ રહ્યો છે. તે પૂર્વે ગ્રામ્ય વિસ્તારમાં યોજાતા આરોગ્ય સમાહના કાર્યક્રમોની પણ જાણકારી મેળવી હતી.

આ દિપાવલી આપના જીવનમાં ઉજાસ પાથરે તથા આપનું જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને તંદુરસ્તમય રહે તેવી શુભકામનાઓ સહ...

નૂતન વર્ષાભિનંદન



રજી. નં. : સા.વ.વિ.ના. ઠરાવ ક્રમાંક : આએચુ-૨૯૬૦-૪૪૩૦૦-બી, તા. ૧૮-૪-૧૯૬૨

ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન

નંદુ પટેલ, મહામંત્રી
ભવાનસિંહ પરમાર, પ્રમુખ
ઉદયકુમાર બ્રહ્મભટ્ટ
મૌલિક પટેલ
દિપક પાટડીયા
રોનક મોદી, સહમંત્રી
ઉપપ્રમુખ
હંસાબેન રામાનુજ
રમેશ પ્રજાપતિ
મહિલા પ્રતિનિધિ
ખજાનચી
દોલતસિંહ વાઘેલા
કેતન મેશ્રી
સંગઠન મંત્રી
જનસંપર્ક મંત્રી
જ્ઞાનેશ રાવલ
રમત-ગમત અને સાંસ્કૃતિક મંત્રી

જિલ્લાના ટાઉન પ્લાનીંગ સંદર્ભે આજે પ્રથમવાર સમીક્ષા બેઠક

કલોલમાં રૂ. ૫૦ કરોડના વિકાસ કામો ઉપરાંત શહેરી વિકાસ, મહેસુલ વિભાગ તેમજ ડુડા અને માર્ગ-મકાનની કામગીરીની સમીક્ષા બેઠક આનંદીબેન યોજશે : તંત્ર તડામાર તૈયારીમાં વ્યસ્ત બન્યું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના સર્વાંગી વિકાસની સાથે સાથે સંતુલિત વિકાસ થાય તે માટે આજે રાજયના માર્ગ-મકાન, મહેસુલ અને શહેરી વિકાસ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ ટાઉન-પ્લાનીંગ સાથે સંકળાયેલા અધિકારીઓ સાથે ખાસ સમીક્ષા બેઠક કરનાર છે.

આજે જિલ્લાના કલોલ ખાતે એક દિવસના પ્રવાસ દરમ્યાન મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ રૂ. ૫૦ કરોડથી વધુ કિંમતના વિકાસ કામો અને પ્રાંત કચેરીના લોકાર્પણ પછી આ સમીક્ષા બેઠક કરવાના છે. મંત્રી શ્રીમતિ પટેલ ટાઉન-પ્લાનીંગ ઉપરાંત મહેસુલ તેમજ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ સાથે પણ અલગથી બેઠક યોજનાર છે.

આ સમીક્ષા બેઠકને લઈ આખેઆખુ જિલ્લાતંત્ર આ અંગેની તડામાર તૈયારીમાં વ્યસ્ત બન્યું છે. તેઓ મુખ્યમંત્રી સ્વર્ણીમ જયંતિ શહેરી વિકાસ યોજના સહિત ડુડાની કામગીરી અંગે પણ સમીક્ષા કરનાર છે.

ગાંધીનગર જિલ્લામાં ટાઉન-પ્લાનીંગ અંગે ત્રણ-ત્રણ સત્તામંડળો કાર્યરત હોવાને કારણે જિલ્લાનો જે સંતુલિત વિકાસ થવો જોઈએ તે થયો નથી. ગુડા, ઔડા અને નગરપાલિકા દ્વારા અલગ-અલગ ટાઉનપ્લાનીંગ થતુ હોય છે.

ઔડા વિસ્તારમાં કલોલના ૫૦ થી વધુ ગામોનો સમાવેશ થયો છે પરંતુ આ ગામોમાં વિકાસ હજુ જોઈએ તેવો થયો નથી. એસ.જી. હાઈવેને અડીને ગામો આવેલા હોવા છતાં વિકાસ કામોથી વંચિત છે તેમજ ઔડા દ્વારા ધ્યાન જે કેન્દ્રીત થવુ જોઈએ તે થયુ નથી. બીજી તરફ ગુડામાં ૩૯ જેટલા ગામોની હદ છે. તે પણ ગાંધીનગર શહેરની આસપાસ જે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તેને પગલે અન્ય ગામોના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરી શક્યુ નથી. આ બન્ને સત્તા મંડળોના એકીકરણ માટે એક તબક્કે શહેરી વિકાસ વિભાગમાં વિચારણા ચાલી હતી અને મેટ્રો શહેરી વિકાસ સત્તામડંળ બનાવવા માટે પણ વિચારણા થઈ હતી પરંતુ આ પછી વાત ફાઈલોમાં ધરબાઈ જવા પામી છે. હવે ગુડાનો નવો વિકાસ નકશો તૈયાર કરવામાં આવી રહ્યો છે ત્યારે સૌને ન્યાયના મંત્ર પર ગુડાની હદમાં

● અનુસંધાન પાન-૭ પર

ગરીમા પાર્કનું આજે ઉદ્‌ઘાટન

ટાટા કન્સલટન્સી સર્વિસ દ્વારા ઈન્ફોસિટી સામેના વિસ્તારમાં નિર્માણ કરાયેલા ગરિમા પાર્કનું આજે સવારે ૧૧ કલાકે મુખ્યમંત્રીના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ગરિમા પાર્કને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ખુલ્લો મુકવામાં આવશે. આ પ્રસંગે ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર એમ.ડી. એન. ચંદ્રશેખર પણ ઉપસ્થિત રહેશે.

સચિન તેંદુલકરના વિક્રમોનો અનોખો એસએમએસ ક્રિકેટ રસિકોમાં ફરતો થયો

મુંબઈ, તા. ૧૫

ક્રિકેટના ભગવાન ગણાતા સચિન તેંદુલકર આજે ૭૪ રને આઉટ થતાં સદી ફટકારશે તેવો વિશ્વાસ ધરાવતા રસિકો નિરાશ થયા હતા પરંતુ આ પછી મોબાઈલ પર ફરતા થયેલા એસ.એમ.એસ.થી આ રસિકો આનંદવિભોર બની ગયા હતા.



સચીને ટેસ્ટ ક્રિકેટમાં કુલ ૧૫૮૪૭ રન નોંધાવ્યા છે. આ રન એટલે ભારતનો સ્વાતંત્ર્ય દિન થાય. તો તે આજે ૭૪ ના સ્કોર પર આઉટ થયો. તેનો જન્મ દિવસ ૨૪-૪-૭૪ છે. ૨૪ વર્ષની લાંબી મંઝિલ બાદ તે નિવૃત્ત થઈ રહ્યો છે અને તે હમેશાં ચોથાક્રમે બેટીંગમાં આવતો હતો અને ૭૪ રને આઉટ થયો છે.

આમ આજે તેનો છેલ્લો સ્ટ્રોક પણ ખરાબ હતો અને કમનસીબ રીતે રનઆઉટ થયો હતો. આજે તેની મેચ જોવા માટે સ્ટેડિયમમાં તેના અસંખ્ય ચાહકોમાં રાહુલ ગાંધી પણ બેઠા હતા.

સરકારી નોકરી મેળવવા... GPSC BANK PSI કલાર્ક તલાટી વગેરે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે

ધોરણ-12 પાસ તથા ગ્રેજ્યુએટ વ્યક્તિઓ યોગ્ય માર્ગદર્શન હેઠળ તૈયારી કરી જરૂરથી સરકારી નોકરી પ્રાપ્ત કરો

- સોમથી શનિ દરરોજ 2 કલાકનું ટીચીંગ
- બહોળો અનુભવ ધરાવતી એક્સપર્ટ ફેકલ્ટીઝ
- દરરોજ લેવાતી ટેસ્ટ દ્વારા સતત મૂલ્યાંકન
- ગણિત - અંગ્રેજીનું પાયાથી જ શિક્ષણ
- શ્રેષ્ઠ ગુણવત્તા વાળું મટીરીયલ
- દરેક વિષયદીઠ અલગ અલગ ફેકલ્ટીઝ

નવી બેચનો પ્રારંભ તા.17-11-13 થી...
સમય : સવારે 8 થી 10 તથા સાંજે 7.15 થી 9.15

વિવેકાનંદ એકેડમી : પ્રવેશ માટે સંપર્ક : 99256 98721
677, બીજે માળ, ઈન્ડીયાબુલ્સ સામે, મુખ્ય સોપીંગ સેન્ટર સેક્ટર-22. 7359341717

તાત્કાલિક જોઈએ છે
રસોઈ તથા ઘરની સાફ-સફાઈ માટે બહેનની જરૂર છે. (ફુલ ટાઈમ)
આકર્ષક પગાર અપાશે.
સીદી પલ્સની આસપાસ
સંપર્ક : ૯૮૨૫૦ ૮૨૦૮૦ ● ૦૭૯-૨૩૬૦૦૩૧૩

JOB OPENING
In US Based International Call-center
(Male / Female)
Having verbal English communication skill and able to work at night shift.
(Attractive Incentive, Food, Perks.)
Solution BPO Services
10/11, FF, White House, Panchwati Circle, C.G. Road, Ahmedabad
204-A, IT Tower -1, Infocity, Gandhinagar.
Call - 9712774898